જા.નં./મા-૩/વશી/વર્ગ વધારો/૨૦૨૩/૯૯૯૬

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ/૩,જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત.
તા.૧૭-૦૬-૨૦૨૩

૨/- સામેલ પત્રની જાણ તથા કાર્યવાહી કરવા સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત.જિ.સુરત.

પ્રતિ,
આચાર્યશ્રી,
બિન સરકારી અનુદાનિત (ગ્રાન્ટેડ) માધ્યમિક શાળા, (તમામ)
સુરત. જિ.સુરત.

| E-Mail<br>તાત્કાલિક/અગત્યનું |
|---|

ક્રમાંક:- ધ/માધ્યમિક/અનદ-૨/વ.વ./૨૦૨૩/ ૬૦૧૩-૯૨૫
કમિશનર શાળાઓની કચેરી,
૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર,
તા.૧૬/૦૬/૨૦૨૩

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, તમામ.

વિષય:-બિન સરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓમાં જૂન ૨૦૨૩થી ધો-૯ અને ધો-૧૦ ક્રમિક/વર્ગવધારાની જાહેરાતની બહોળી પ્રસિધ્ધિ તથા સુચનાઓ બાબત.

ઉપર્યુક્ત વિષય પરત્વે જણાવવાનું કે, રાજ્યની બિનસરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓમાં જૂન-૨૦૨૩થી ધો-૯ અને ધો-૧૦ના ક્રમિક/વર્ગવધારાની અરજી કરવા અંગેની જાહેરાત તા.૧૫/૦૬/૨૦૨૩ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. શાળા દ્વારા ક્રમિક વર્ગની ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ ૩૦/૦૬/૨૦૨૩ અને **જિલ્લા શિક્ષણાધિકારીશ્રી કચેરીએ સ્થળતપાસ કરી અરજી કમિશનર કચેરીને ઓનલાઈન સબમિટ કરવાની છેલ્લી તારીખ- ૧૦/૦૭/૨૦૨૩ છે.**

આપના જિલ્લાની શાળાઓ વર્ગવધારા માટેની દરખાસ્ત સમયસર કરી શકે તે માટે આ સાથે સામેલ રાખેલ જાહેરાતને આપની કચેરીના નોટિસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરવાની રહેશે તેમજ બહોળી પ્રસિધ્ધિ અર્થે તમામ શાળાના આચાર્યશ્રી/શાળા સંચાલકશ્રીઓને પરિપત્ર કરી આ બાબતની જાણ કરવાની રહેશે તેમજ વર્ગવધારાની અરજી અન્વયે નીચે મુજબની સૂચનાઓ ધ્યાને લેવાની રહેશે.

(૧) વર્ષ ૨૦૨૩-૨૪ બિનસરકારી અનુદાનિત શાળામાં ક્રમિક વર્ગ માટે નિયત થયેલ દરખાસ્ત ફી રૂ.૨૫૦૦/- ઓનલાઈન જમા કરાવવાના રહેશે.(ચલણથી ભરેલ ફી માન્ય રહેશે નહિ.) ઓનલાઈન ફી જમા થયા બાદ જ એપ્લીકેશન ફોર્મ ખૂલશે જેની ખાસ નોંધ લેવી. તેમજ આ બાબતે શાળાઓને જરૂરી સુચનાઓ આપશો.

(૨) આપની કચેરી દ્વારા સ્થળતપાસ કરી તેનો અહેવાલ આપના સ્વયંસ્પષ્ટ અભિપ્રાય સહ ઓનલાઈન રજુ કરવાનો રહેશે. શાળાની દરખાસ્ત પરત્વે આપની ભલામણ ન હોય તો વિગતવાર કારણ સહીત રીમાર્ક્સ આપવાના રહેશે.

(૩) કોઈ પણ ફાઈલ સદર કચેરીને હાર્ડકોપીમાં રજુ કરવાની રહેશે નહી.

(૪) જિલ્લા શિક્ષણાધિકારીશ્રીના લોગઈન અને પાસવર્ડની વિગતો હવે પછી આપવામાં આવશે. તેને ખાનગી રાખવાનો રહેશે. જો આ પાસવર્ડ લીક થવાથી વર્ગ મંજુરીની દરખાસ્ત અન્વયે કોઈપણ પ્રશ્નો ઉપસ્થિત થશે તો તે અંગેની જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની અંગત જવાબદારી ઠરશે.

(૫) આપના જિલ્લાની તમામ દરખાસ્તો સંપૂર્ણ વિગતો તથા તેના સૂચવેલ આનુષાંગિક આધાર પુરાવાઓ સહ રજૂ થયેલ છે કે કેમ ? તે સુનિશ્ચિત કરવાનું રહેશે. અધુરાશવાળી/ખૂટતા આધારોવાળી અરજીઓની આપની કક્ષાએથી ચકાસણી કરી, શાળાના એકાઉન્ટમાં પુર્તતાના

રીમાર્કસ સહ પરત કરવાની રહેશે અને શાળા દ્વારા સમયમર્યાદામાં પૂર્તતા થયા બાદ જ ઓનલાઈન નિયામકશ્રી, શાળાઓના એકાઉન્ટમાં સબમીટ કરવી જેની નોંધ લેવી.

(૬) આપની કક્ષાએથી સદર પરિપત્રમાં આપના જિલ્લાઓની તમામ શાળાઓને જાણ કરવી કે, "શાળાઓ અરજી કર્યા બાદ નિયમિત રીતે પોતાની ઓનલાઈન અરજી ચકાસતાં રહેવું તથા તેઓના રજીસ્ટર્ડ મોબાઈલ નંબર પરના SMS ચકાસતા રહેવું. જો કોઈ ક્વેરી અંગે ઓનલાઈન અરજીમાં સૂચના/SMS મળે તો સમય બગાડ્યા વિના સત્વરે પૂર્તતા કરી દરખાસ્ત પુનઃ સબમીટ કરવી. જો આવેલ પૂર્તતા સમયમર્યાદામાં રજૂ કરવામાં નહીં આવે તો તે દરખાસ્ત ગ્રાહ્ય નહીં રાખવામાં આવે અને તે માટે શાળામંડળ/આચાર્ય જવાબદાર બનશે"

(૭) તા.૩૦/૦૬/૨૦૨૩ના રોજ રાત્રીના ૧૨.૦૦ કલાક સુધી અરજી માટે શાળાનું ઓનલાઈન એપ્લીકેશન ચાલુ રહેશે. ત્યારબાદ બંધ થઈ જશે.

(૮) આપના જિલ્લાની તમામ અરજીઓ અન્વયે સ્થળ તપાસ કરી, યોગ્ય રિમાર્ક્સ/નોંધ તેમજ અન્ય વિગતો અને આપના સ્વયં સ્પષ્ટ અભિપ્રાય સહ તા.૧૦/૦૭/૨૦૨૩ સુધીમાં દરખાસ્ત **Online** સબમીટ કરવાની રહેશે.

(૯) અત્રેની કચેરી તરફથી ક્વેરીમાં મોકલવામાં આવતી દરખાસ્તની વિગતો **Copy** કરી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીના ક્વેરીના **box**માં **Paste** કરવાની રહેશે, ત્યારબાદ શાળા કક્ષાએ મોકલવી જેથી, શાળા ક્વેરીની વિગતો સ્પષ્ટ રીતે જાણી શકે.

(૧૦) જિલ્લા સ્તરે મળેલ ક્વેરી દિન-૦૩ની સમયમર્યાદામાં રી-સબમીટ થાય તે પ્રકારે શાળા પાસેથી ફોલોઅપ લેવાનું રહેશે.

(૧૧) આપના જિલ્લાની શાળાઓ દ્વારા દરખાસ્ત કરવાની અંતિમ તા.૩૦/૦૬/૨૦૨૩સુધીમાં કરેલ દરખાસ્તોના એપ્લીકેશન નંબર, શાળાનું નામ, માંગેલ ધોરણ-વર્ગ,માધ્યમ,સંપર્ક નંબર સાથેની વિગત રજિસ્ટર્ડમાં નિભાવવાની રહેશે.

(૧૨) આપની કક્ષાએથી અધૂરી/અયોગ્ય આધારોવાળી કોઈપણ દરખાસ્ત **submit** ન થાય તેની ખાસ કાળજી લેશો.

(૧૩) શાળાની **Online** દરખાસ્તો મળતાં જ આપની સ્થળતપાસ તેમજ આનુષાંગિક કાર્યવાહી શરૂ કરી દેવી સબમીશન માટે અંતિમ તા.૧૦/૦૭/૨૦૨૩ની રાહ ન જોતાં દરખાસ્ત **Online** સબમીટ કરતાં રહેવું.(નોંધ તા.૧૦/૦૭/૨૦૨૩ પછી કોઇ પણ સંજોગોમાં જિ.શિ.અ કચેરી સબમિટ કરવા માટેની સમયમર્યાદા વધારાવામાં આવશે નહી તેની ખાસ નોંધ લેવી.)

(૧૪) દુર્ગમ/અંતરિયાળ વિસ્તારની શાળાઓ જરૂરીયાત મુજબ વર્ગવધારાની ઓનલાઇન અરજીઓ સમય મર્યાદામાં પોર્ટલ કરે તે અંગે સબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ અંગત રસ લઇ જરૂરી કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

ઉપરોક્ત વિગતે આપના જિલ્લાની તમામ શાળાઓની વર્ગવધારાની ઓનલાઈન અરજી અન્વયે કાર્યવાહી સમયમર્યાદામાં સુયોગ્ય રીતે પૂર્ણ કરવા જણાવવામાં આવે છે.

નાયબ શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા.ગાંધીનગર

બિડાણ : જાહેરાત (તા.૧૫/૦૬/૨૦૨૩)

# નિયામક, શાળાઓની કચેરી,

## બ્લોક નં. ૯/૧, ડૉ. જી.મ.ભવન, ગુ.રા., ગાંધીનગર

બિનસરકારી અનુદાનિત (ગ્રાન્ટ ઇન એઇડ) માધ્યમિક શાળાઓમાં જૂન-૨૦૨૩ ધો-૯ અને ધો-૧૦ના નવા/ક્રમિક વર્ગવધારાની મંજૂરી મેળવવા માટે રસ ધરાવ શાળાઓ https://cosaddlcl.gujarat.gov.in વેબસાઇટ તા. ૨૨/૦૬/૨૦૨૩ તા.૩૦/૦૬/૨૦૨૩ દરમ્યાન અરજી માત્ર ઓનલાઇન જ કરી શકશે. જે અંગે વિગતવાર સૂચનાઓ https://cosaddlcl.gujarat.gov.in વેબસાઇટ પર મૂકવામ આવેલ છે. જે ધ્યાને લઈને ઓનલાઇન અરજી કરવાની રહેશે તથા આનુષાંગિક તમામ આધાર પૂરાવા સ્કેન કરી અપલોડ કરવાના રહેશે. અધુરી અસ્પષ્ટ કે અવાચ્ય આધારોવાળી અરજીઓ દફતરે કરવામાં આવશે. જેની ખાસ નોંધ લેવી.

પ્રત્યેક અરજી અન્વયે વર્ગદીઠ નિયત ફી રૂા. ૨૫૦૦/- ઓનલાઇન ભરવાની રહેશે.

સ્થળ : ગાંધીનગર

તારીખ : ૧૫/૦૬/૨૦૨૩

sd

**નિયામક**

**શાળાઓની કચેરી**

**ગુ.રા., ગાંધીનગર**

**માહિતી/૫૯૨/૨૩-૨૪**